**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૨ ટકા

# શહેરમાં પેટ્રોલના ભાવ ૧૦૦ની નજીક

## પેટ્રોલ-ડિઝલના ભાવ ખિસ્સા કરશે ખાલી : મધ્યમવર્ગ માટે ભાવવધારો કમ્મરતોડ સાબિત

ગાંધીનગર, તા.૪

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત વધવાથી પેટ્રોલ ડીઝલના ભાવમાં ફરી એક વખત વધારો થયો છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો એટલે ગરીબ અને મધ્યમવર્ગની ચિંતામાં વધારો એમ કહીઓ તો જરાય ખોટું નથી. સરકાર પોતાના ખર્ચને પહોંચી વળવા છાશવારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરે છે અંતે આભાવવધારો રીક્ષાવાળા, ટેક્ષીચાલકો, ગરીબ અને મધ્યમવર્ગના ટુ વ્હીલર વાહન ચાલકો અને માંડમાંડ ગાડી ખરીદવાનો જુગાડ કર્યો હોય એવા મધ્યમવર્ગના લોકો માટે કમ્મરતોડ સાબિત થતો હોય છે.

સચિન તેન્ડુલરની સેન્ચુરીની માફક સેન્ચુરી મારવા જઈ રહેલ પેટ્રોલ ડીઝલના ભાવ જોઈને વાહનોને તાળા મારીને મુકવાની વાતો કરતા શહેરીજનો અંતે મજબુરીનું નામ મહાત્મા ગાંધી એમ લાચારી વશ આટલા ઉંચા ભાવે પણ પેટ્રોલ-ડીઝલ પુરાવી રહ્યા છે. પોતાના ખર્ચને પહોંચી વળવા સરકાર પાસે બીજા અનેક રસ્તાઓ છે જેમ કે ધારાસભ્યો, સાંસદસભ્યો,




મંત્રીઓ, ચેરમેનો વગેરેના ખર્ચમાં કાપ મુકવા, સનદી અધિકારીઓના અન્ય ખર્ચા ઘટાડવા વગેરે. વૈશ્વિકક્રૂડના ભાવ માટે આજે પેટ્રોલ-ડિઝલના દર ખૂબ જ સંવેદનશીલ છે.

### ગાંધીનગરમાં છેલ્લા ૫ દિવસનો પેટ્રોલ/ડિઝલનો દર

| તારીખ | પેટ્રોલની કિંમત | ડિઝલની કિંમત |
|---|---|---|
| ૪ ઓક્ટોબર | રૂ. ૯૯.૨૯ | રૂ. ૯૭.૮૯ |
| ૩ ઓક્ટોબર | રૂ. ૯૯.૪૩ | રૂ. ૯૮.૦૪ |
| ૨ ઓક્ટોબર | રૂ. ૯૯.૩૨ | રૂ. ૯૭.૮૪ |
| ૧ ઓક્ટોબર | રૂ. ૯૮.૯૫ | રૂ. ૯૭.૩૯ |
| ૩૦ સપ્ટેમ્બર | રૂ. ૯૮.૮૫ | રૂ. ૯૭.૨૧ |

ગાંધીનગરમાં પેટ્રોલની કિંમતો વધુ અસ્થિર થઈ રહી છે. કારણકે ક્રૂડ ઓઈલના ભાવમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું છે. ગાંધીનગરમાં પેટ્રોલ ૯૯.૨૯ પ્રતિ લિટર, ડિઝલ ૯૭.૮૯ પ્રતિ લીટર, એલપીજીની કિંમત પણ ૮૯૨.૫૦ રૂપિયા થઈ ગઈ છે. ડોલર સામે રૂપિયો પણ નીચો ગયો છે જેના કારણે પેટ્રોલ-ડિઝલના ભાવ વધ્યા છે. આમ પેટ્રોલ-ડિઝલના ભાવ ૧૦૦ને પાર થવામાં ૦.૭૧ પૈસા પેટ્રોલ અને ૦.૧૧પૈસા ડિઝલમાં રસાકસી જોવા મળી રહી છે. જે સેન્ચુરી મારવામાં ખૂબ જ નજીક કહી શકાય તેમ છે.

## બીએસએફ દ્વારા ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત સાયકલ રેલી




ગાંધીનગર, તા.૪

બીએસએફ દ્વારા ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત ૨૧ કિમી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જી.એસ. મલિક (ભા.યુ.સે. મહાનિરીક્ષક, બીએસએફ ગુજરાત ફ્રંટિયર) દ્વારા અધિકારીઓ અને જવાનોની ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવીને સાયકલ રેલીનો પ્રારંભ કર્યો હતો. આ રેલીએ બીએસએફ કેમ્પસ, આઈઆઈટીથી પાલજ એમ કુલ ૨૧કિમી સુધી અંતર કાપ્યું હતું. આ રેલીના માધ્યમથી બીએસએફ દ્વારા દેશના નાગિરકોને 'એક ભારત શ્રેષ્ઠ ભારત', 'ફિટ ઈન્ડયા મુવેમન્ટ', 'આત્મનિર્ભર ભારત', 'સ્વછ ભારત લીલું ભારત' જેવા મહત્વપૂર્ણ મૂલ્યોનો સંદેશો પહોંચાડાયો હતો.

## ઓમલેન્ડ માર્ક સ્કુલ ખાતે રુગ્બી ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ





ગાંધીનગર, તા.૪

ચિલોડા મોટા ઓમલેન્ડ માર્ક સ્કૂલ ખાતે રુગ્બી ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ૧૦ ટીમ ભાઈઓની અને ૭ ટીમ બહેનોની એમ કુલ ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ભાઈઓની ટીમમાં પ્રથમ ક્રમે ગાંધીનગર ટીમ વિજેતા બની હતી. બીજા ક્રમે વડોદરા ટીમ અને ત્રીજા નંબરે સુરતની ટીમ વિજેતા બની હતી. જયારે બહેનોની કુલ ૭ ટીમમાંથી પ્રથમ ક્રમે ગાંધીનગર, બીજા ક્રમે બનાસકાંઠા અને ત્રીજા ક્રમે સુરતે મેદાન માર્યું હતું. આ ટુર્નામેન્ટમાં ગુજરાત પ્રદેશ રમતગમત ખેલના સભ્ય આનંદભાઈ કાપડીયા, સભ્ય ડૉ. મિલનભાઈ ભટ્ટ, ડૉ. અશોકભાઈ રાવલ (એક્સ., સેક્રેટરી સ્ટેટ સ્પોર્ટસ કાઉન્સીલ), બી.એમ. જાડેજા (વાઈસ પ્રેસીડન્ટ રુગ્બી ફૂટબોલ એસોસીએશન), દીપ રાવલ (સેક્રેટરી રુગ્બી ફુટબોલ એસો.) વગેરેએ ઉપસ્થિત રહી રમતવીરોને પ્રોત્સાહન પરું પાડી રમતગમત વિશે માહિતગાર કર્યા હતા. વિજેતા ટીમને શિલ્ડ અર્પણ કરી નવાજવામાં આવ્યા હતા.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટે સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી




શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં ૫૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બે દિવસની મુલાકાત દરમિયાન પ્રોફેસર તથા હેડ ઓફ ડિપાર્ટમેન્ટ કૌશલ રાવલ, પ્રોફેસર વેદિકા શાહ, પ્રોફેસર જય પંડ્યા, પ્રોફેસર વિનય જયસિંઘાની તથા પ્રોફેસર હર્ષરાજસિંહ ગોહિલે વિદ્યાર્થીઓને અલગ અલગ ઈન્ફ્રાસ્ટ્રકચરની માહિતી આપી હતી. આ સફળ તકનિકી મુલાકાત બદલ સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ ડિરેક્ટર ડૉ. શ્રી રવિકુમાર અને પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુએ અભિનંદન પાઠવ્યા હતાં.

## સમર્પણ પબ્લિક સ્કુલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૪

સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટરઃ૨૮ ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ માટે ફાઈલ મેકિંગ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમા ધો-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ફાઈલ અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને તેમનું પ્રદર્શન બતાવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના આચાર્ય પાયલ આચાર્ય અને તમામ શિક્ષકગણે હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## કાવ્યરત્ન ગ્રુપ દ્વારા અંબાજી અને શામળાજી વિસ્તારોમાં સેવાકાર્ય યોજાશે

ગાંધીનગર, તા.૪

કાવ્યરત્ન ગ્રુપ દ્વારા અંબાજી તેમજ શામળાજીની આસપાસના વિસ્તારોમાં વસતા ગરીબ કુટુંબના ભાઈઓ, બહેનો તથા બાળકો માટે જીવનજરૂરિયાતની વસ્તુઓના વિતરણના અત્યાર સુધીના છ કાર્યક્રમોની સફળતાને અનુલક્ષીને આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી પગરખાં, કપડાં, વાસણ, રમકડાં, અનાજ, નાસ્તો તેમજ અન્ય વસ્તુઓના સાતમા આયોજિત વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. જેના અનુસંધાને જે કોઈને પણ આ કાર્યમાં સહભાગી થવા ઈચ્છા હોય તેઓએ પોતાની સોસાયટીમાં કોઈ એક જગ્યાએ સારી કંડીશનના જુના પગરખાં, કપડાં, વાસણ, રમકડાંવગેરે ભેગા કરી કાવ્યરત્નગ્રુપ (મો. ૮૫૧૧૩ ૬૨૨૪૨, ૯૯૭૪૦ ૭૯૬૫૦) પર સંપર્ક કરવા જણાવાયું છે. કુડાસણ, રાંદેસણ, રાયસણ, કોબા, સે-૩-એ, નારણપુરા, ચાંદખેડા, રાણીપ, શાહીબાગ ખાતે આ સંસ્થા કાર્યરત છે.

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં કાવ્ય પઠન સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૪

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરવા, આંતરિક શક્તિઓને ખીલવવા, શુદ્ધ ઉચ્ચારણ, રજૂઆત કરવાની કળા, ભાવ પ્રમાણેની અભિવ્યક્તિ, અને લયબદ્ધ શૈલીમાં સારી રીતે સુંદર કાવ્ય બોલી શકે તે હેતુથી શાળા દ્વારા કાવ્ય પઠન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શ્રેષ્ઠ કવિઓ દ્વારા રચાયેલી ઉત્તમ કવિતાઓ બાળકોએ શાનદાર શૈલીમાં રજૂ કરી હતી. દરેક વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિનું પૂજ્ય મુક્તાનંદ બાપુ દ્વારા બહુમાન

ગાંધીનગર, તા.૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ પરમ પૂજ્ય મુક્તાનંદ બાપુ સાથે ચાંપરડા ખાતે સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. પૂજ્ય મુક્તાનંદ બાપુએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન કેન્દ્ર દ્વારા ચાલતી ગર્ભસંસ્કારની



પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહનું બહુમાન કર્યું હતું. પૂજ્ય બાપુએ કહ્યું હતું કે, આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં દર્શાવાયેલા ગર્ભસંસ્કારના જ્ઞાનનો વર્તમાન સમયમાં પ્રચાર-પ્રસાર થાય તે ખૂબ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, તેજસ્વી બાળકના જન્મથી જ ભારત તેજસ્વી બનશે. આ અવસરે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે યુનિવર્સિટીનાં કાર્યો, પ્રવૃત્તિઓ અને ધ્યેય વિશે પૂજ્ય બાપુને પરિચય આપ્યો હતો. આ તકે જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચેતનભાઈ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં મેથેમેટિકમાં એકસપર્ટ લેકચર યોજાયું




ગાંધીનગર, તા.૪

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મેથેમેટિક સબ્જેકટમાં એકસપર્ટ લેકચર યોજવામાં આવ્યું હતું. જેમાં ડૉકટર બી.કે. ત્રિવેદી (એચઓડી ગવર્મેન્ટ સાયન્સ કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા. તોમણે વિદ્યાર્થીઓનો એડવાન્સમેટ ઓફ મેથેમેટિસ એન્ડ કરિયર કાઉન્સોલિંગ વિષય ઉપર લેકચર આપ્યું હતું. આ પ્રોગ્રામનું સફળ સંચાલન ડૉકટર મૈત્રી સુતરિયા તથા ભાલચંદ્ર પરમારે કર્યું હતું. આ પ્રોગ્રામનું માર્ગદર્શન મહેન્દ્રસિંહ વાઘેલા (ટ્રસ્ટી)એ કર્યું હતું.

# શહેરમાં નવરાત્રી ગરબા કલાસની રમઝટ

## ગરબા ખેલૈયાઓ નવરાત્રીમાં ગરબે ઝૂમવા માટે પુરજોશમાં પ્રેકટીસ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૪

નવરાત્રી પર્વને ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ગરબા કલાસીસમાં રાસ ગરબાની રમઝટ સાથે ખેલૈયાઓ ઝૂમી રહ્યા છે. શહેરના તમામ ગરબા કલાસીસમાં ગરબાની પ્રેકટિસ કરતા ગરબા શોખીનો જોવા મળી રહ્યા છે.

શહેરમાં છેલ્લા એક મહિનાથી ગરબા કલાસીસ શરૂ કરી દેવાયા હતા. જેમાં ઓછી સંખ્યામાં ગરબાની પ્રેકટિસ કરાવવાની શરૂઆત કરી હતી. જેમ જેમ કોરોનાના કેસોમાં ઘટાડો થતો ગયો અને સરકારે મંજૂરી આપી ત્યાર બાદ ગરબા પ્રેમીઓમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. મોટા ભાગના ગરબા કલાસીસમાં દિવસ રાત ગરબા બેચ ચાલી રહી છે. જેમાં બાળકોથી લઈ બધા જ ગરબા શીખવા માટે ગરબા કલાસીસમાં જોડાયા છે. ગરબા તો ગુજરાતીઓને બહુ ગમે છે તેથી દર વર્ષે ગરબા કલાસીસમાં ભીડ જોવા મળતી હોય છે.



ગુજરાતીઓના ખુનમાં જ હોય છે. પરંતુ નવી નવી કળાના નવી નવી સ્ટાઈલના ગરબા શીખવા

છેલ્લા બે વર્ષથી નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી નહોતી જેથી આ વર્ષે માત્ર શેરી ગરબાની મંજુરી મળવાથી પણ તમામ ખેલૈયાઓ ઉત્સાહમાં છે કે આ વર્ષે ગરબા રમવા મળશે. તે સાથે જ ગરબા કલાસ ચલાવતા સંચાલકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બે વર્ષથી ગરબા કલાસ બંધ રહેતા આર્થિક મંદીમાંથી થોડા અંશે રાહત મળતા સંચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં અલગ અલગ જગ્યાઓ પર ગરબા કલાસ ચાલે છે. જેમાં પનઘટ, રીધમ, રંગોલી, એમઆરડીસી, ક્રિષ્ના, કાવ્યા, મલ્હાર ગ્રુપ, દ્વારકેશ, સાથીયા ગરબા કલાસ વગેરેમાં દર વર્ષે ગરબા ખેલૈયાઓની રમઝટ જોવા મળે છે.

ગરબા સંચાલકો દ્વારા આ વર્ષે ગરબાફીમાં વધારો કરાયો છે છતાં ગરબા લવર્સ વધુ ફી ભરીને પણ આ વર્ષે ગરબા કલાસીસમાં નવી નવી ગરબા સ્ટાઈલ શીખી રહ્યા છે. જેમાં રાસ, ગરબા, દોઢિયા, ડાંડિયા, ગુપ્તી, લંગડી, લેરુયુ, સનેડો, બેઝિક સ્ટાઈલથી દરેક નવા નવા પ્રકારના ગરબા શીખી રહ્યા છે. ત્યારે હવે માત્ર નવરાત્રી પર્વને બે દિવસ બાકી છે જેમાં ખેલૈયાઓ પરસેવે રેબઝેબ થઈને પૂરજોશમાં આખરી દિવસોમાં ગરબાના સ્ટેપ્સ શીખી રહ્યા છે. નાના નાના બાળકો ખુબ સુંદર રીતે ગરબા સ્ટેપ કરતા જોવા મળી રહ્યા છે. જેમાં બાળકો સાથે તેમની મમ્મીઓ પણ ગરબા કલાસીસમાં બાળકો સાથે ઉત્સાહપૂર્વક ગરબા સ્ટેપ્સ શીખી રહ્યા છે.



એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓએ શાળાના પ્રાંગણમાં વૃક્ષો વાવીને તેની માવજત કરવાની શપથ લીધી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. જોષી પ્રફુલચંદ્ર જયશંકર, ઉ.વ. ૮૨, સેકટર-૭

## જન્મદિને વધામણી



શિવશંકર દવે
લેખક, નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬



દેવયાનીબેન એસ પટેલ



નિકુંજ મિસ્ત્રી
મો. ૮૯૮૦૮ ૯૬૨૧૪



હિત કડિયા



ભાવેશ પટેલ



બિંદુ ગોવિંદભાઈ રાવળ
મો. ૭૦૪૬૮ ૯૯૭૦૨



ડાભી રુદ્રસિંહ યોગેન્દ્રસિંહ
મો. ૯૭૨૬૮ ૦૭૩૧૬



મૌર્ય અમન અશોકકુમાર



પેરીન ભાવેશભાઈ પટેલ